જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૫/૦૧/૨૦૧૯ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૯/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૨૪૯ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૨,૫૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૦/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ત્યજી દીધેલ બાળક બાબતઃ- સમાચાર યાદી નં.૧૬૧/૧૯

**શાહીબાગઃ** તા.૨૪/૦૧/૧૯ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે શાહીબાગ સીવીલ હોસ્પીટલ ખાતે કેસ કઢાવી સારવાર કરાવવા આવેલ કલ્પેશભાઇ નિનામા નામની વ્યક્તિ તાજુ જન્મેલ બાળક વોર્ડમાં મુકી નાસી ગઈ હતી. આ અંગે સીવીલ હોસ્પીટલ વોર્ડના ડૉશ્રીએ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવતા શાહીબાગ પોલીસે ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.પી.મકવાણા ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૬૨/૧૯

**શહેરકોટડાઃ** ઉમાશંકર મનસિંહ ચોરસીયા (રહે. રામપ્રસાદની ચાલી અનિલ સ્ટાર્ચ મીલ પાછળ અનિલ સ્ટાર્ચ રોડ) એ તા.૨૪/૦૧/૧૯ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૧/૧૯ રાતના ૧૦/૦૦ થી તા.૨૩/૦૧/૧૯ સવારના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લોખંડની પેટી ચોરી કરી લઇ ગઈ છે. પેટીમાં એક સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૩૫,૦૦૦/-, સોનાની અંગુઠી નંગ-૩ કિમત રૂપિયા ૭,૦૦૦/- ,ચાંદીની પાયલ ચાર જોડી કિમત રૂપિયા કિમત રૂપિયા ૪૦૦૦/- અને રોકડ રૂપિયા ૮૦૦૦/- તેમજ કપડા મળી કુલ રૂપિયા ૫૪,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ચાવડા ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૬૩/૧૯

**ગુજરાત યુનિવર્સિટીઃ** અનુજા ધનશ્યામભાઇ પંડ્યા (રહે. સ્વાગત રેનફોરસ-૪ સરધાસણ ચાર રસ્તા ગાંધીનગર) એ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૧/૧૯ કલાક ૧૨/૩૦ થી કલાક ૩/૪૫ વાગ્યા દરમ્યાન સેપ્ટ યુનિ. પાછળના દરવાજા પાસે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ ખોલી અજાણી વ્યક્તિ કારમાંથી બેગની ચોરી કરી લઈ ગઈ હતી. બેગમાં ડેલ કંપનીનુ આઇ-૫૫૫૯ લેપટોપ કિમત રૂપિયા ૪૦,૦૦૦/- તથા જરૂરી દસ્તાવેજ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.કાળે ચલાવે છે.

**બેગ ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૪/૧૯**

**વાડજઃ** બાબુલાલ કેશવલાલ પટેલ (ઉ.વ.૬૧) (રહે.જી-૩ માધવબાગ ફ્લેટ ખોડિયાર ડેરી સામે નિર્ણયનગર) તા.૨૩/૦૧/૧૯ કલાક ૧૧/૧૫ વાગે બેન્કમાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- ઉપાડી પૈસા થેલીમાં મુકી થેલી સાયકલના સ્ટીયરીંગમાં ભરાવી સાયકલ ચલાવી ઘર નજીક આવ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ બાબુલાલ પટેલની સાયકલના સ્ટીયરીંગમાં ભરાવેલ પૈસા સાથેની થેલી ઝુંટવી લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ બાબુલાલ પટેલે વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.પી.પરમાર ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૫/૧૯**

**નિકોલઃ** ભાવેશ નરસિહભાઇ પંચાલ (રહે.ડી-૧૫ પુષ્પમ ટેનામેન્ટ નારાયણી સ્કુલ પાસે નરોડા) એ તા.૧૯/૦૧/૧૯ સાજના ૫/૩૦ વાગે કઠવાડા ઝવેરી ઇંડ એસ્ટેટ કઠવાડા સિંગરવા રોડ ડી-૦૯ કારખાના સામે પોતાની આઈસર ગાડી નંબર જીજે ૨૭ એક્સ ૭૮૪૬ કિમત રૂપિયા ૧૧,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૦/૦૧/૧૯ કલાક ૭/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ભાવેશ પંચાલે તા.૨૪/૦૧/૧૯ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એન.શર્મા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.